# પ્રણામ ગાંધીનગર... સલામ ગાંધીનગર...
ગાંધીનગરના ૫૩મા જન્મદિને સૌ નગરજનોને શુભકામનાઓ....



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૪૩ | ૨ ઓગસ્ટ, ૨૦૧૭, બુધવાર ; શ્રાવણ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ખુંખાર ત્રાસવાદી અબુ દુજાના ઠાર

**દુજાના સાથે અન્ય કેટલાક ત્રાસવાદીઓ પણ ઠાર : વહેલી સવારે જમ્મુ કાશ્મીરના પુલવામાં જિલ્લામાં સુરક્ષા દળો સાથે જોરદાર અથડામણ : મોટી માત્રામાં હથિયારો તેમજ દારૂગોળો જપ્ત કરવામાં આવ્યો**

નવી દિલ્હી,તા. ૧

જમ્મુ કાશ્મીરના પુલવામાં જિલ્લામાં સુરક્ષા દળોની સાથે ભીષણ અથડામણમાં આજે સવારે ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબાનો ખતરનાક ત્રાસવાદી અને લીડર તરીકેની ભૂમિકામાં રહેલો અબુ દુજાના ઠાર થયો હતો. તેની સાથે અન્ય કેટલાક ત્રાસવાદીઓ પણ માર્યા ગયા હોવાની વિગત સાંપડી છે. જો કે તેમના સંબંધમાં હજુ સુધી માહિતી જાહેર કરવામાં આવી નથી. સુરક્ષા દળો સાથેની અથડામણમાં દુજાના સાથે તોયબાનો અન્ય કુખ્યાત ત્રાસવાદી આરિફ લિલહારી તેમજ અન્ય બે ત્રાસવાદીઓ ફુંકાયા છે. જો કે તેમના મોતના સંબંધમાં હજુ માહિતી આપવામાં આવી નથી. ઠાર કરવામાં આવેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળાનો જંગી જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. પુલવામાંના હાકરીપોરા ગામમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ છુપાયેલા છે તેવી પાકી માહિતી મળી ગયા મોટુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. સમગ્ર વિસ્તારમાં પહોંચીને સુરક્ષા દળોએ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### નીતિ આયોગના ઉપાધ્યક્ષ અરવિંદ પાનગઢિયાનું રાજીનામું

નીતિ આયોગના ઉપાધ્યક્ષ અરવિંદ પાનગઢિયાએ રાજીનામું આપ્યું છે. જે ૩૧ ઓગષ્ટથી અમલી બનશે. પાનગઢિયા શૈક્ષણિક ક્ષેત્રમાં પુનઃ જોડાઈ રહ્યા છે.

### ઉત્તર પૂર્વિય પૂર પીડિતોને ૨૩૫૦ કરોડની સહાય

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પૂરગ્રસ્ત આસામની મુલાકાત દરમિયાન સમગ્ર ઉત્તર પૂર્વીય રાજયોના પૂર સંકટને પહોંચવા ૨૩૫૦ કરોડની સહાય જાહેર કરી છે.

# ૧૫મી બાદ કેન્દ્રીય કેબિનેટનું વિસ્તરણ

**વેંકૈયા નાયડુ, મનોહર પારીકર સહિત અન્યોના રાજીનામા બાદ અનેક જગ્યા ખાલી થઇ**

નવીદિલ્હી,તા. ૧

મોદી પ્રધાનમંડળમાં મોટાપાયે ફેરફારના ભણકારા વાગી રહ્યા છે. મિડિયા ક્ષેત્રોના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, કેબિનેટ વિસ્તરણ ઓગસ્ટ મહિનામાં કરવામાં આવી શકે છે. નવા કેબિનેટ વિસ્તરણમાં કેટલાક નવા ચહેરાને સામેલ કરવામાં આવી શકે છે. બીજી બાજુ કામ ન કરનાર પ્રધાનોની હકાલપટ્ટી કરવાનો તખ્તો પણ તૈયાર થઈ રહ્યો છે. કેટલાક નવા લોકોને કેબિનેટમાં જગ્યા મળી શકે છે. કેન્દ્રીય મંત્રી વેંકૈયા નાયડુ, મનોહર પારીકરના રાજીનામા બાદ મંત્રી મંડળમાં વિસ્તરણને લઈને ચર્ચાઓ ચાલી રહી હતી. મળેલી માહિતી મુજબ ૧૫મી ઓગસ્ટના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી લાલકિલ્લાથી ઐતિહાસિક ભાષણ બાદ ૧૭મી ઓગસ્ટના દિવસે પ્રધાનમંડળનું

● અનુસંધાન પાન-૭ પર


TARAL SIR'S
IELTS
@ Gandhinagar, Vadaj, Ranip, Mansa & Maninagar
955 80 20 800
PTE - SPOKEN ENGLISH






પાટનગર ગાંધીનગરના
જન્મદિને
શહેરના નાગરિક ભાઈ-બહેનો
તથા આસપાસના અસરગ્રસ્ત ખેડૂતોને
વંદન - અભિનંદન

ગુજરાતના
સહકારી ક્ષેત્રની
એક અનોખી ઓળખ



રોહિત મહેતા
મેનેજીંગ ડીરેક્ટર

ડૉ. શંકરસિંહ આર. રાણા
ચેરમેન, મધુર ડેરી

ગાંધીનગર જિલ્લા સહકારી
દૂધ ઉત્પાદક સંઘ લિ.
મધુર ડેરી, જીઆઈડીસી, સેક્ટર-૨૫, ગાંધીનગર

આપણા ગાંધીનગરના જન્મ દિને
સૌ નગરજનોને
વંદન - અભિનંદન



પ્રવિણભાઈ ડી. પટેલ
મેયર
ગાંધીનગર મહાનગરપાલિકા, ગાંધીનગર

ક્વૉલિટી આર્ટ પ્રિન્ટરી
મલ્ટી કલર ડીઝાઈન ❊ ઓફસેટ પ્રિન્ટીંગ
સ્ક્રીન પ્રિન્ટીંગ ❊ બોર્ડ - બેનર ❊ બાઈન્ડીંગ
પ્લોટ નં. ૯૦૦, વિશ્વકર્મા શોપીંગ, સેક્ટર-૨૧, ગાંધીનગર. ફોન : (૦૭૯) ૨૩૨ ૨૨૯૮૫
E-mail : quality.artprintery@gmail.com